# ગુજરાતમાં કોરોના કેસ વધતાં રાજસ્થાન સરકાર એલર્ટ

## શામળાજીથી રાજસ્થાનમાં પ્રવેશતા પ્રવાસીઓ માટે કોરોના રિપોર્ટ ફરજિયાત : આર.ટી.પી.સી.આર. રિપોર્ટ પોઝીટીવ હશે તો પ્રવેશ નહીં : પ્રજા સાથે ઉઘાડી લૂંટની સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૭ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી પછી કોરોના બેલગામ બન્યો છે ત્યારે રાજસ્થાન જરૂરી છે. રિપોર્ટ પોઝીટીવ હશે તો બોર્ટર ઉપરથી જ પ્રવાસીઓને ગુજરાતમાં પરત મોકલાશે. શામળાજી સરહદે રાજસ્થાન સરકાર દ્વારા પ્રવેશતા વાહનોમાં




સરકારે ગુજરાતથી રાજસ્થાનમાં પ્રવેઓશતા પ્રવાસી - વાહનચાલકો માટે કોરોના રિપોર્ટ ફરજિયાત કર્યો છે. આર.ટી.પી.સી.આર. રિપોર્ટ ૭૨ કલાક અગાઉનો નેગેટીવ હોવો બેઠેલા પ્રવાસીઓની રિપોર્ટ ચકાસણી શરૂ થઈ છે.

ચૂંટણી આવે એટલે ગુજરાતીઓ જાણે ઘૂઘરા બાંધી ચૂંટણી ઉત્સવમાં જોતરાઈ જાય છે. પોતાના વિસ્તારમાં સક્ષમ પ્રતિનિધિ ચૂંટાય તે માટે આવો ઉત્સાહ પણ જરૂરી છે પરંતુ ગુજરાતમાં કોરોનાના વિકરાળ ચહેરામાં ચૂંટણી દરમિયાન રાજકીય પક્ષના કાર્યકરો, ટેકેદારો સોશ્યલ ડિસ્ટન્સ, માસ્ક પહેરવાનું ભુલ્યા જેથી ચૂંટણી દરમિયાન અનેક ઉમેદવારો, કાર્યકરો કોરોનાની ઝપેટમાં હોવા છતાં પ્રચાર કર્યો અને કોરોના સંક્રમણ ફેલાવ્યું. સાબરકાંઠા - અરવલ્લીમાં કોરોના વકર્યો છે. ત્યારે રાજસ્થાન સરકાર દ્વારા ગુજરાતમાં કોરોનાની બીજી લહેરને ગંભીરતાથી લઈ રાજસ્થાનને કોરોનાથી બચાવવા માટે ગુજરાતમાંથી કોઈ પણ સરહદથી રાજસ્થાનમાં પ્રવેશતા પ્રવાસીઓ માટે કોરોના ટેસ્ટ ફરજીયાત કરાવ્યો છે. રાજસ્થાન સરકારના આ નિર્ણયથી ગુજરાતમાંથી રાજસ્થાનમાં પ્રવેશતા પ્રવાસીઓ માટે 'મોંઘું' થયું છે. કારણ કે આર.ટી.પી.સી.આર. રિપોર્ટના રૂા. ૨૫૦૦ થી ૩૫૦૦ ચુકવવા પડે છે. આ સંજોગોમાં ગુજરાત સરકારે પણ ત્વરીત યોગ્ય નિર્ણય લેવાની જરૂર છે.

### શામળાજી સરહદે ગમે તે ઘડી તણાવની સ્થિતિ

રાજસ્થાન સરકારે ગુજરાતમાં કોરોના વિસ્ફોટ થતાં રાજસ્થાનમાં પ્રવેશતા પ્રવાસીઓ માટે કોરોના રિપોર્ટ ફરજીયાત કર્યો છે જેથી આજ સમી સાંજથી શામળાજી - રાજસ્થાન બોર્ડર ઉપર વાહનોનો જમાવડો થશે અને ગમે તે ઘડીએ તણાવની સ્થિતિ ઉદ્ભવે તેવી શકયતા છે.

### ૯ રાજયોના પ્રવાસીઓ માટે નિર્ણય

સૂત્રોના જણાવ્યા અનુસાર રાજસ્થાન સરકારે ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, કેરળ, પંજાબ, હરિયાણાના પ્રવાસીઓ રાજસ્થાનમાં પ્રવેશે ત્યારે કોરોના રિપોર્ટ ફરજીયાત બનાવ્યો છે.

### સાબરકાંઠા-અરવલ્લીમાં કોરોના કેસ

સાબરકાંઠા જિલ્લામાં ૩૧૪૧ કેસ નોંધાયા છે. જેમાં ૪૯ એક્ટીવ કેસો છે. પાછલા ૨૪ કલાકમાં ૮ પોઝીટીવ કેસ બહાર આવ્યા છે. અરવલ્લી જિલ્લામાં ૨૪ કલાકમાં ૪ નવા પોઝીટીવ કેસ આવ્યા છે. આ સરકારી આંકડો છે. પરંતુ ખાનગી આંકડો ચિંતા ઉપજાવનારો છે.

# મુખ્યમંત્રી રૂપાણીએ ભક્તિભાવપૂર્વક આદ્યશકિત માં-અંબાના દર્શન કર્યા

પાલનપુર, તા. ૭ મુખ્યમંત્રી વિજય ભાઈ રૂપાણીએ આદ્યશકિત પીઠ ધામ અંબાજીની મુલાકાત લઈ માતાજીના ભક્તિભાવ પૂર્વક પૂજન અર્ચન શ્રીમતી અંજલિ બહેન રૂપાણી સાથે આજે રવિવારે સવારે કર્યા હતા. મુખ્યમંત્રી એ તાજેતરની ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીને મળેલા ભવ્ય વિજય બાદ લોકોની અપેક્ષા આકાંક્ષા પૂર્ણ કરવા વધુ જનહિત કામો કરવાની માતાજી શકિત આપે તેમજ ગુજરાત સતત વિકાસના રાહે આગળ વધતું રહે ઉત્તમ થી સર્વોત્તમ બને તે માટે માતાજીના કૃપા આશિષ વરસતા રહે તેવી પ્રાર્થના કરી હતી. તેમણે સૌના મંગલની વાંછના પણમાં અંબાજી સમક્ષ શ્રધ્ધાપૂર્વક કરી હતી. મુખ્યમંત્રીવિજય ભાઈ રૂપાણી એ રાજ્યના વિવિધ યાત્રા ધામો શ્રધ્ધા આસ્થા કેન્દ્રો અંબાજી સોમનાથ પાલીતાણા દ્વારિકા વગેરે જગ્યાએ દર્શનાર્થીઓ ઝડપથી પહોંચી શકે અને દર્શન કરી શકે



તેવી સુવિધા ઊભી કરવા માટે આ યાત્રા ધામોને હેલિકોપ્ટર સેવા જેવી હવાઈ સેવાથી જોડીને વધુ સુગ્રથિત કરવાની નેમ વ્યક્ત કરી છે.

અંબાજીમાં આદ્યશકિત માંના દર્શન કરી પ્રચાર માધ્યમો સાથેની વાતચીતમાં મુખ્યમંત્રીએ કહ્યું કે આ હેતુસર રાજ્ય સરકારે આ વર્ષના બજેટમાં જોગવાઈ પણ કરવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રી એ યાત્રાધામ અંબાજીમાં ડેવલપમેન્ટ પ્લાન અને માસ્ટર પ્લાન ઝડપથી પૂર્ણ કરીને તેના આધાર ઉપર અંબાજી મંદિરની ભવ્યતા વિશાળતા ઊભી કરવામાં આવશે તેમ પણ કહ્યું હતું. વિજય ભાઈ રૂપાણીએ અંબાજીનો વેલ પ્લાન્ડ સિટી તરીકે વિકાસ કરીને આ પવિત્ર ધામ ના દર્શને આવતા લાખો શ્રધ્ધાળુઓને પ્રાથમિક સુવિધાઓ સહિત ની સેવા પૂરી પાડવા અંબાજી ડેવલપમેન્ટ ઓથોરિટીને વધુ સુદ્રઢ બનાવવાની પણ વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે કહ્યું કે આ સંદર્ભમાં એક ઉચ્ચસ્તરીય કમિટીની બેઠક પણ આગામી દિવસોમાં ગાંધીનગરમાં યોજવાનું પણ આયોજન કર્યું છે.

- ગુજરાતના વિવિધ યાત્રાધામોને હવાઇમાર્ગોથી જોડવાનું નક્કર આયોજન
- અંબાજી ડેવલપમેન્ટ ઓથોરીટીને વધુ સુદ્ઢ બનાવી અંબાજીનો વેલ પ્લાન્ડ સીટી તરીકે વિકાસ કરાશે

# પ્રાંતિજના મૌછા ખાતે ક્રેઈનની ટક્કરથી મહિલાનું મોત

પ્રાંતિજ તા.૭ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મૌછા પાસે એક હાઈડ્રા ક્રેઈન ચાલક ફુલફાસ્ટ રીતે હંકારી લાવી રોડ ઉપર જતી મહિલા ને ટક્કર મારી શરીરે વતાઓછી ઈજાઓ પહોંચાડી ધટના સ્થળે મોત નિપજાવી ક્રેઈન મુકીને ભાગી મહિલા પુત્ર દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા અજાણ્યા ક્રેઈન ચાલક વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના મૌછા ખાતે રહેતા ફરિયાદી રાકેશસિંહ ભિખુસિંહ પરમાર ઉપરાંત.વર્ષ-૩૬ કે જેવો ખેતી અને ડ્રાઈવીંગ કરે છે અને તેમની માતા લક્ષ્મીબેન ભિખુસિંહ પરમાર ઉપરાંત.વર્ષ-૫૫ કે જેવો ધરે થી એકલા તેમના બથરીવાળા ખેતરમા ચાલતા જતા હતા ત્યારે મૌછા થી ફતેપુર રોડ ઉપર હાઈડ્રા ક્રેઈન નો ચાલક તેની હાઈડ્રા ક્રેઈન પુર ઝડપે અને ગફલતભરી રીતે બેદરકારી રીતે માણસ ની જીંદગી જોખમાય તે રીતે ચલાવી લાવી રોડ ની સાઈડ મા જતા લક્ષ્મીબેન ને પાછળ થી હડફેટે લેતા તેવોને નીચે પાડી દેતા શરીરે ઈજાઓ તથા ક્રેઈનનુ ટાયર શરીર ઉપર ફરી જતા લક્ષ્મીબેન નુ સ્થળ ઉપરજ મોત થયુ હતુ તો ક્રેઈન ચાલક ક્રેઈન મુકીને અકસ્માત સર્જી ને મોત નિપજાવી ને ભાગી ગયો હતો તો પ્રાંતિજ પોલીસ દ્વારા પુત્ર ની ફરીયાદ ના આધારે અજાણ્યો ક્રેઈન ચાલક વિરૂધ્ધ ગુનોનોધી આગળ ની તપાસ હાથધરી હતી.

- હાઇડ્રા ક્રેઇન ચાલક ફુલફાસ્ટ હંકારી લાવી મહિલાને હડફેટે લઈ મોત નિપજાવી ભાગી ગયો
- ક્રેઇન ચાલક અકસ્માત બાદ ક્રેઇન મુકીને ભાગી ગયો
- મહિલાના પુત્ર દ્વારા અજાણ્યા ક્રેઇન ચાલક વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરી



સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના રાણી બોડર પાસે રાજસ્થાન પોલીસ દ્વારા પોલીસ કાફલો તહેનાત કરી દેવામાં આવ્યો છે કોરોનાના વધતા જતા સંક્રમણને લઈને રાજસ્થાન સરકારનું મહત્વનો નિર્ણય...!!

# પેઢમાલામાં મેલડી માતાજી મંદિરનો સાતમો પાટોત્સવ ઉજવાયો

રાઈગઢ, તા. ૭ હિંમતનગર તાલુકાના પેઢમાલા ગામમાં શક્તિધામ સેવા પરિવાર દ્વારા આયોજિત મેલડી માતાજી મંદિરનો સાતમો દિવ્ય પાટોત્સવ સોમવારના રોજ યોજાયો હતો. આ પ્રસંગે મંદિર ખાતે હવનનું આયોજન કરાયું હતું. આ ધાર્મિક પ્રસંગે ગામમાં માતાજીની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં હતી. શોભાયાત્રા બાદ આચાર્ય સતિષભાઈ મહારાજ દ્વારા હોમ હવન વિધિ કરવામાં આવી હતી. સાંજે હવનની



પૂર્ણાહુતિ બાદ મોટી સંખ્યામાં માઈ ભક્તોએમાંના દર્શન કરી પ્રસાદી લઈ ધન્યતા અનુભવી હતી.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂરી પણ! ચૂંટણીલક્ષી બબાલો હજુ પણ યથાવત

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૭ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના શરૂઆતના તબક્કાથી લઈને ચૂંટણીના પરિણામ જાહેર થયા બાદ પણ ચૂંટણીલક્ષી માહોલ વિસરાયો નથી ! સાબરકાંઠા અરવલ્લી એમ બંને જિલ્લાઓમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ પૂરી પણ..!! ચૂંટણી લક્ષી બબાલો હજુ પણ યથાવત જોવા મળી રહી છે ભાજપ - કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષો દ્વારા ચૂંટણીલક્ષી આક્ષેપ-પ્રતિઆક્ષેપ થતા લોકો અનેક પ્રકારના તર્ક-વિતર્ક સાથે આનંદ નો લાહવો માણી રહ્યા છે અને ચૂંટણીલક્ષી 'તૂ તૂ મૈ મૈ 'ની તકરારો વચ્ચે નગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા અંતર્ગત મહિલા ઉમેદવાર સાથે તકરાર થઈ હોવાનો વધુ એક કિસ્સો હિંમતનગર શહેરમાં જોવા મળી રહ્યો છે

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં હિંમતનગરના વોર્ડ નંબર - ૩ ના ચૂંટણી હારી ગયેલા મહિલા ઉમેદવાર સાથે તેમના જ વિસ્તારમાં રહેતા મુસ્લિમ બિરાદરો સાથે થયેલી તકરારનો મામલો બી ડિવિઝન પોલીસ મથકે પહોંચ્યો છે મહિલા ઉમેદવારે હિંમતનગર બી ડીવીઝન માં ફરિયાદ નોંધાવતા પોલીસે ચાર શખસો વિરુધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગત રોજ તારીખ ૪ ફેબ્રુઆરી ૨૦૨૧ ના રોજ આશરે આઠ વાગ્યાના સમયગાળા દરમિયાન હિંમતનગરના હસન નગર વિસ્તારમાં વણજારા વાસ પાસે જુમ્મા મસ્જિદની પાછળ રહેતા રસિદા બાનું વા/ઓ મહંમદ હનીફ બેહલીમ ચાલુ વર્ષે રાજ્ય સરકાર દ્વારા યોજાયેલ સ્થાનિક સ્વરાજયની નગરપાલિકાની ચૂંટણીમાં હારી જતા તેમના જ વિસ્તારના રફિકભાઈ રહીમભાઈ ખટીક, એજાજખાન હૈદરખાન, અસલમખાન સિરાજ ખાન તથા અકો હુસેનભાઇ મચ્છી વાળા તમામ ચારેય મુસ્લિમ બિરાદરોએ રસિદાબાનુ બેનને કહેલ કે અમે તમને ચૂંટણીમાં ઉમેદવારી ન કરવાનું કહ્યું હતું પણ ! તમે ઉમેદવારી કરી ! અને હારી ગયા તેમ કહી જાહેરમાં બીભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપતા વોર્ડ નંબર - ૩ના ઉમેદવાર રસિદાબાનુ વા/ઓ મહંમદ હનીફ બેહલીમ દ્વારા પોતાના વિસ્તારમાં રહેતા ચાર મુસ્લિમ બિરાદરો વિરુદ્ધ હિંમતનગર બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ચારે શખ્સ વિરુદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

- હિંમતનગરના વોર્ડ નંબર-૩ ના ચૂંટણી હારી ગયેલા ઉમેદવાર સાથે થયેલી તકરારનો મામલો પોલીસ મથકે પહોંચ્યો
- અમોએ તમોને ચૂંટણીમાં ઉમેદવારી ન કરવાનું કહેતા તમો ઉમેદવારી કરેલ જેથી તમો હારી ગયા તેમ કહી જાહેરમાં બીભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી

'માતૃભાષા અભિયાન - અમદાવાદ' અને 'મૂળ નગરજન સમિતિ - સાઠંબા' ના સંયુક્ત ઉપક્રમે

# બાયડ તાલુકાના સાઠંબા ગામમાં પુસ્તક પરબનો પ્રારંભ

બાયડ તા. ૭ સોશિયલ મીડિયાના ઝડપી યુગમાં બાળકો અને યુવાધન વાંચનથી વિમુખ થઈ રહ્યા છે. કોઈ પણ માહિતી ઉપરછલ્લી મેળવીને આગળ વધી જતી વર્તમાન પેઢીને વાંચન પ્રત્યે રસ કેળવવો મુશ્કેલી ભર્યો છે. છતાં, કેટલીક સંસ્થાઓ અને વાંચનપ્રેમીઓના સતત પ્રયત્નોથી માતૃભાષામાં જ ઉચ્ચ વાંચન સાહિત્ય મળી રહે તેવા આયોજનો થતાં રહે છે. અરવલ્લી જિલ્લાના છેવાડાના સાઠંબા ગામમાં તા. ૦૭ રવિવારના રોજ નવરાત્રી ચોકમાં પ્રથમ 'પુસ્તક પરબ' નો પ્રારંભ કરવામાં આવ્યો. જેમાં ગામના ૮૦ થી વધુ વિદ્યાર્થીઓ અને વડીલોએ ૨૦૦ જેટલા પુસ્તકો વિનામૂલ્યે વાંચન અર્થે મેળવ્યા.

સમગ્ર આયોજન ગામના સ્થાનિક અને બહાર વસતા નગરજનો દ્વારા કરવામાં આવ્યું હતું. ગામના નાના નાના બાળકોએ સ્વયંસેવક બની પુસ્તકોના આદાન પ્રદાનમાં સેવા આપી હતી. ગામમાં આ મુજબની હકારાત્મક પ્રવૃત્તિને ગ્રામજનોએ સહર્ષ વધાવી લીધી હતી. ભવિષ્યમાં દર મહિનાના પ્રથમ રવિવારે 'પુસ્તક પરબ' યોજાશે. જેમાં કવિઓ, સાહિત્યકારોના વક્તવ્યો, પ્રદર્શનો અને સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવશે તેવું આયોજકોએ અખબારી યાદીમાં જણાવ્યું હતું.




# મોડાસાના ગ્રામ્ય વિસ્તારોમાં બકરા ચોરોનો આતંક

## કેશાપુર નજીક વરંડામાં બાંધેલ ૧૪ બકરાની ચોરી : રૂરલ પોલીસે અરજી લઇ પશુ માલિકને રવાના કર્યો

મોડાસા, તા. ૭ અરવલ્લી જીલ્લામાં કસાઈઓ બેફામ બની પશુપાલકો ની હાજરી માં ઘર બહાર બાંધેલ પશુઓ અને રોડ પર રખડતા પશુઓને વાહનોમાં ઉઠાવી જઈ ગેરકાયદેસર રીતે કતલખાને ધકેલી દેવા સતત સક્રિય હોય છે જીલ્લામાં પશુ તસ્કરોનો આતંક યથાવત રહ્યો છે મોડાસા તાલુકાના કેશાપુર-માલવણ ચાર રસ્તા પર પડતર જમીન પર વર્ષોથી વસવાટ કરતા માલધારી પરિવારના વરંડામાં પશુ ચોર ત્રાટકી ૧૪ બકરાની વાહનમાં ભરી ફરાર થઈ જતા માલધારી પરિવાર પર આભ તૂટી પડ્યું હતું પશુ ચોર ટોળકી સક્રીય થતા ગ્રામ્ય વિસ્તારના પશુપાલકોમાં ફફડાટ ફેલાયો છે પશુ ચોરીનો ભોગ બનેલ પરિવાર મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા જતા રૂરલ પોલીસે ફરિયાદ નોંધવાના બદલે અરજી લઈ રવાના કરી દેવામાં આવ્યા હોવાનું પશુમાલિકે જણાવ્યું હતું મોડાસા રૂરલ પોલીસની કામગીરી સામે પશુપાલકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો



મોડાસા નજીક આવેલા કેશાપૂર-માલવણ ચાર રસ્તા નજીક ખુલ્લી જગ્યામાં વર્ષોથી પડાવ નાખી પશુપાલનનો ધંધો કરી જીવનનિર્વાહ ચલાવતા ઘેલાભાઈ ભરવાડે બકરાને રાખવા બનાવેલ વરંડામાં ૭૫ બકરા બાંધેલા હતા શનિવારે રાત્રે માલધારી પરિવાર રાબેતા મુજબ વાળું કરી સુઈ ગયો હતો ત્યારે રાત્રે વાહન લઈ ત્રાટકેલા પશુ ચોરોએ વરંડાને બાંધેલી નેટ કાપી નાખી વાડામાં રહેલા ૧૪ બકરાની ચોરી કરી પશુ ચોરો ફરાર થઇ ગયા હતા માલધારી પરિવારે પરોઢિયે વરંડાની નેટ કાપેલી જોતા કોઈ અઘટીત ઘટના ઘટી હોવાનું જણાઈ આવતા વરંડામાં બાંધેલ બકરાની ગણતરી કરતા ૧૪ બકરાની તસ્કરી થઈ હોવાની જાણ થતા માલધારી પરિવાર બેબાકળો બન્યો હતો બકરા ચોરીની ઘટનાના પગલે લોકોના ટોળટોળાં ઉમટ્યા હતા ભરવાડ સમાજના લોકો પણ દોડી આવ્યા હતા એક સાથે ૧૪ બકરાની ચોરી થતા માલધારી પરિવારે ૭૦ હજારથી વધુ નુકશાન થયું હોવાનું જણાવ્યું હતું પશુ તસ્કરો સક્રિય થતા ગ્રામ્ય વિસ્તારોમાં ફફડાટ ફેલાયો છે પશુ તસ્કરી કરતી ગેંગને ઝડપી પાડવામાં આવેની માંગ પશુપાલકોમાં પ્રબળ બની છે

પશુ તસ્કરીનો ભોગ બનેલ ઘેલાભાઈ ભરવાડ સાથે ટેલિફોનિક પૂછપરછ કરતા તેમને જણાવ્યું હતું કે શનિવારે રાત્રે તેમના વરંડામાંથી પીકઅપ ડાલુ લઈ પશુ ચોર ૧૪ બકરાની ચોરી કરી ફરાર થઈ જતા આ અંગે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવવા ગયા હતા પરંતુ પોલીસે અરજી લઈ કાલે તપાસ કરવા આવીશું કહી રવાના કરી દીધા હતા ત્યારે મોડાસા રૂરલ પોલીસતંત્રની કામગીરી સામે પણ અનેક સવાલ પેદા થયા છે ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળા મારવા જશે તેવું પશુપાલકો જણાવી રહ્યા છે.

# હિંમતનગર ઉમિયા વાડી ખાતે ભાજપના ચૂંટાયેલા કાર્યકરોની એક બેઠક યોજાઈ

## સરકારની યોજનાઓના વિશેષ લાભો અને જનતાની સેવા કરવાની બાબતો પર ભાર મુકાયો




હિંમતનગર બ્યુરો ઓફિસ તા.૦૭ સાબરકાંઠા જિલ્લાના સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમા ભારતીય જનતા પાર્ટીના ચૂંટાયેલા પ્રતિનિધિઓની અને કાર્યકરોની એક બેઠક આજે રવિવારના રોજ હિંમતનગર ખાતેની ઉમિયા વાડી ખાતે જિલ્લા ભાજપના પ્રમુખ જે.ડી પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી. આ બેઠકમાં સાંસદ પરબતભાઈ પટેલ, સાંસદ દિપસિહ રાઠોડ, ધારાસભ્ય ગજેન્દ્રસિહ પરમાર, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, પ્રદેશ ભાજપના દુષ્યંત ભાઈ, રમીલાબેન બારા, કુ.કૌશલ્યાકુવરબા, મહામંત્રી વિજયભાઈ પંડ્યા, જયસિંહ ચૌહાણ.સહિતના જિલ્લાના અને અનેક પદાધિકારીઓ એ ચૂંટાયેલા પ્રતિનિધિઓને સરકારની યોજનાઓના વિશેષ લાભો અને જનતાની સેવા કરવાની અને ભાજપને ઓર મજબૂત બનાવવા માટે ની વાતો કરી ચૂંટાયેલા તમામને અભિનંદન આપ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન જિલ્લા ભાજપ ના મહામંત્રી વિજયભાઈ પંડ્યા દ્વારા સરસ રીતે કરવામાં આવ્યું હતું. સમગ્ર માહિતી મીડીયા કન્વીનર પંકજભાઈ ધુવાડ દ્વારા જણાવવામાં આવ્યું છે